## સુરતના ત્રીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસ, ની કોર્ટમાં
## (NATIONAL LOK ADALAT)

**ફોજદારી કેસ નં. /**

***ગુનો: નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબ :***

:: ***આંક–૧ લગત હુકમ***::

૧. આ કામના ફરીયાદીએ આરોપી સામે ચેક પાછો ફર્યા બાબતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટયુમેન્ટ એકટ કલમ ૧૩૮ ની ફરીયાદ આપેલી જે અનુસંધાને આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ થતા ઉપરોકત નંબર થી ફોજદારી કેસ દાખલ થયેલ, જેમાં ફરીયાદી ના વિદ્ધાન વકિલશ્રીએ તેઓને મળેલ વકિલપત્રમાં મળેલ સત્તા અન્વયે ફરીયાદી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી એવી પુરશીષ રજુ કરેલ, જે પુરશીષ રેકર્ડ કરવામાં આવી.

૨. ઉપરોકત પુરશીષ તથા પક્ષકારની રજુઆત અને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૭ ધ્યાને લેતા ફરીયાદી ફરીયાદ પાછી ખેચવા માંગતા હોય તો મેજીસ્ટ્રેટ તે ફરીયાદ પાછી ખેચી લેવા પરવાનગી આપી શકશે અને તેમ કરવામાં આવે ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી શકશે તેવી કાયદાની જોગવાઈ ધ્યાને લ ેતા ફરીયાદીએ હાલની પુરશીષ આપેલ છે. તે મુજબ હાલની ફરીયાદ પાછી ખેચવા પરવાનગી આપી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

*સ્થળ : સુરત*
*તારીખ: ૧૪.૦૯.૨૦૨૪*

*આકાર લલિતકુમાર ત્રિવેદી*
*ત્રીજા જ્યુડી.મેજી., ફ.ક., સુરત*
*કોડ નં.જી.જે.૦૧૫૫૭*